સંક્ષિપ્ત સમાચાર

ગ્રીન ફ્યુચર પેસ્ટ મેનેજમેન્ટ કોન્ફરન્સમાં સંધ્યા ગ્રુપને વૈશ્વિક સ્તરે પ્રતિષ્ઠિત સન્માન

વાપી : વાપી અને સરીગામની કંપની સંધ્યા ગ્રુપ માટે ગૌરવપૂર્ણ ક્ષણરૂપે, ગ્રુપના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર કાંતિલાલ કોલીને તેમના દુરદર્શી નેતૃત્વ, ઉદ્યોગ પ્રત્યેના અવિરત સમર્પણ અને પેસ્ટ મેનેજમેન્ટ ક્ષેત્રમાં આપેલા આજીવન યોગદાન બદલ લાઇફટાઇમ બિઝનેસ એચિવમેન્ટ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. સાથે જ સંધ્યા ગ્રુપના ડિરેક્ટર સંધ્યા કોલીને સમાજપ્રત્યેની જવાબદારી, પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ વિકાસના ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન બદલ પેસ્ટ મેન્ટર ઇન્ડિયા એવોર્ડ્સ 2025 અંતર્ગત વર્ષ 2025ની શ્રેષ્ઠ CSR કંપનીનો એવોર્ડ પ્રાપ્ત થયો છે. આ પ્રતિષ્ઠિત પુરસ્કારો 9 જાન્યુઆરીના રોજ મુંબઈ ખાતે આયોજિત ગ્રીન ફ્યુચર પેસ્ટ મેનેજમેન્ટ કોન્ફરન્સ 2025 દરમિયાન વિશ્વસ્તરે આંતરરાષ્ટ્રીય સંસ્થા E&G પાથવે દ્વારા એનાયત કરવામાં આવ્યા હતા. આ સન્માન ડો અનિલ મકાપટ્ટી અને નીતિન ખંડેલવાલના હસ્તે પેસ્ટ મેનેજમેન્ટ ઉદ્યોગમાં ગુણવત્તા, નવીનતા, ટકાઉપણું અને ભવિષ્યમુખી ધોરણોને આગળ ધપાવવાની સંધ્યા ગ્રુપની અડગ પ્રતિબદ્ધતાના લીધે કાંતિલાલ કોલીને એનાયત કરવામાં આવ્યું હતું. કાંતિલાલ કોલીના દુરદર્શી નેતૃત્વ હેઠળ સંધ્યા ગ્રુપે ગ્રાહક-કેન્દ્રિત અભિગમ, નૈતિક વ્યવસાય પ્રથા અને ટેક્નોલોજી આધારિત પર્યાવરણમૈત્રી સોલ્યુશન્સ દ્વારા ઉદ્યોગમાં વિશિષ્ટ ઓળખ ઉભી કરી છે. તે જ રીતે હેમાંગ ગોરડિયા અને રવિ વ્યાસના હસ્તે સંધ્યા કોલીને સીએસઆરના ક્ષેત્રમાં તેમના માર્ગદર્શન હેઠળ સંધ્યા ગ્રુપ દ્વારા કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR)ના અંતર્ગત સમાજ કલ્યાણ, આરોગ્ય, પર્યાવરણ જાગૃતિ અને ટકાઉ પેસ્ટ મેનેજમેન્ટ માટે અનેક અસરકારક પહેલો શરૂ કરતા બેસ્ટ સીએસઆર કંપની તરીકે એનાયત કરવામાં આવ્યું છે, જે ઉદ્યોગ અને સમાજ માટે પ્રેરણારૂપ બની છે.

દમણની શ્રીનાથજી સ્કૂલમાં 22 માં વાર્ષિક દિવસની ઉજવણી

દમણ : સંઘપ્રદેશ દમણના વરકુંડ રોડ પાસે આવેલી શ્રીનાથજી સ્કૂલમાં 22 માં વાર્ષિક દિવસની ઉજવણી શનિવારના દિવસે કરવામાં આવી હતી. કાર્યક્રમના મુખ્ય મહેમાન પદે દાનહ દમણ દીવ ભાજપના પ્રદેશ અધ્યક્ષ મહેશ અગરિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ શાળામાં ભણતા ધો.1 થી 12ના વિદ્યાર્થીઓ દ્વારા ગુજરાતી ગરબા, પંજાબી ભાંગડા, શિવાજી મહારાજ અને મહાભારત પર નાટ્યકૃતિ સહિતની વિવિધ કૃતિઓની રજૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓના અભિભાવકો સહિત શાળા પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે સંચાલક મંડળ તરફથી શાળાના આચાર્ય, શિક્ષક ગણ, સ્ટાફ સભ્યો સહિત વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

ઉમરગામ દરિયા કિનારે ઉડાન ઉત્સવ બીચ ફેસ્ટિવલ પર્યાવરણ જાગ્રુતિનું આયોજન

ઉમરગામ : ઉમરગામના દરિયા કિનારે મી એન્ડ મી ગ્રુપ દ્વારા 14 મી જાન્યુઆરીના રોજ ઉડાન મહોત્સવ - 2026 બીચ ફેસ્ટિવલનુ આયોજન કરવામાં આવ્યું છે. ઉમરગામમાં ગયા ત્રીસ વર્ષથી પ્લાસ્ટિક મુક્ત પરિવાર અને સ્વચ્છતાને લઈ એક વિશેષ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવે છે. આ વખતે ઉડાન સ્વચ્છતાની ઉડાન પ્લાસ્ટિક મુક્તિ અને ઉડાન બાળકોને મોબાઇલમાંથી મુક્તિનો પ્રયાસ કરવામાં આવ્યો છે. સ્થાનિક મહિલાઓને નારીશક્તિ માટે સ્ટોલ મફત આપી એમના ટેલેન્ટને તક અપાઈ છે. બાળકો અને માતા પિતા માટે સ્પર્ધાઓ અને સ્ટેજ શો લાઇવ મ્યુઝિક રાખવામાં આવ્યું છે. દરેક વ્યક્તિ પર્યાવરણ ધરતી બચાવવા જાગુત બંને એવા આશય સાથે મી એન્ડ મી ગ્રુપ ઉમરગામ કાર્યક્રમનુ આયોજન કરે છે. 14 મી જાન્યુઆરી બુધવારે સવારે 10 વાગ્યે શરૂ થનારા આ કાર્યક્રમમાં લોકોને જોડાવા આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

તિથલ શાંતિનિકેતનના જૈનમુનિ બંધુત્રિપુટી પૈકીના કીર્તિચંદ્ર વિજયજી કાળધર્મ પામ્યા

વલસાડ : વલસાડના તિથલ શાંતિનિકેતન સાધના કેન્દ્રના યોગસાધક અને વિદ્વદ્વર્ય મુનિરાજ કીર્તિચંદ્ર વિજયજી મહારાજ સાહેબ (બંધુત્રિપુટી) આજે વહેલી સવારે 82 વર્ષની વયે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા હતા. તેઓ છેલ્લા લાંબા સમયથી તિથલ સ્થિત જૈન ઉપાશ્રય શાંતિનિકેતન સાધના કેન્દ્ર સાથે સંકળાયેલા હતા. તેમણે આધ્યાત્મિક સાધના, તપશ્ચર્યા અને ઉપદેશ દ્વારા અનેક ભક્તોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. મુનિરાજ કીર્તિચંદ્ર વિજયજીના કાળધર્મથી જૈન સમુદાયમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. ભક્તો અને અનુયાયીઓએ તેમના શાંતિમય જીવન અને આધ્યાત્મિક યોગદાનને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પી છે. મુનિરાજ કીર્તિચંદ્ર વિજયજીની પાલખી અને અંતિમયાત્રા સોમવારે બપોરે 3 વાગે શાંતિનિકેતન સાધના કેન્દ્ર, તિથલથી નીકળી તિથલ સ્મશાને ગઈ હતી. જ્યાં તેમના અંતિમ સંસ્કાર કરાયા હતા. તેમની ગુણાનુવાદ સભા (પ્રાર્થના સભા)13મી જાન્યુ. મંગળવારે સવારે 10 કલાકે શાંતિનિકેતન-તિથલ ખાતે રાખવામાં આવી છે.

વલસાડ મેડિકલ કોલેજમાં 'પ્રસૂતિ એનેસ્થેસિયા' પર વર્કશોપ યોજાયો

વલસાડ : વલસાડની GMERS મેડિકલ કોલેજ ખાતે એનેસ્થેસિયા વિભાગ અને ISA (ઇન્ડિયન સોસાયટી ઓફ એનેસ્થેસિયોલોજિસ્ટ) વલસાડના સંયુક્ત ઉપક્રમે 'પ્રસૂતિ એનેસ્થેસિયા' વિષય પર એક વિશેષ વર્કશોપનું આયોજન કરાયું હતું. આ વર્કશોપમાં ગર્ભાવસ્થા દરમિયાન સર્જાતી જટિલતાઓ અને તેના નિવારણ અંગે તબીબોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન એનેસ્થેસિયા વિભાગના વડા ડો. હાર્દિક પટેલ, ISA વલસાડના પ્રમુખ ડો.સંદિપ દેસાઈ, કોલેજના ડીન કમલેશ શાહ તથા મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ ભાવેશ ગોયાણીના સહયોગથી કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં 30 કન્સલ્ટન્ટ એનેસ્થેસિયોલોજિસ્ટ અને 25 અનુસ્નાતક (M.D.) વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ એક 'સિમ્યુલેશન બેઝ્ડ' (અનુકરણ આધારિત) તાલીમ હતી, જેમાં ગર્ભાવસ્થા દરમિયાન ઉદ્ભવતી ગંભીર સમસ્યાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્યત્વે ગર્ભાવસ્થા દરમિયાન વધુ પડતું લોહી વહી જવું (Hemorrhage), લોહીનું દબાણ વધી જવું (Hypertension) અને તેના કારણે થતી ગૂંચવણો અંગે તજ્ઞો દ્વારા આપવામાં આવેલી આ કૃત્રિમ તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય ભવિષ્યમાં માતૃત્વ મૃત્યુદર (Maternal Mortality) ઘટાડવાનો અને પ્રસૂતિ સમયે દર્દીઓના સ્વાસ્થ્ય પરિણામોમાં સુધારો લાવવાનો હતો. આ પ્રકારની પ્રેક્ટિકલ તાલીમથી ડોક્ટરોને ઇમરજન્સી સ્થિતિને વધુ અસરકારક રીતે હેન્ડલ કરવામાં મદદ મળશે.

બનેલી ઘટનાએ તંત્રની કાર્યપદ્ધતિ પર ગંભીર સવાલ ઊભા કર્યા

'કમિશનરનો આદેશ છે' : કર્મચારીઓ
'અમે કોઈને મોકલ્યા નથી' : કમિશનર

ઓર્ડર વગર કર્મચારીઓ દુકાને પહોંચ્યા, વેપારીની મુખ્યમંત્રીને ફરિયાદ

કમિશનર અને TP ઓફિસે કહ્યું - કોઈને મોકલ્યા નથી

નવસારી મનપાની ગાડીમાં પાંચ કર્મચારીઓએ દુકાને પહોંચી દસ્તાવેજોની માંગણી કરી

નવસારી : નવસારી શહેરમાં તા. 09/01/2026ના રોજ બનેલી ઘટનાએ તંત્રની કાર્યપદ્ધતિ પર ગંભીર સવાલ ઊભા કર્યા છે. નવસારી મહાનગરપાલિકાની ગાડી નં. GJ-21-G-0324 (Innova)માં સવાર આશરે પાંચ કર્મચારીઓ ચારપુલ વિસ્તારમાં પ્રિન્સ બેકરીની બાજુમાં આવેલી "ઇન્ડિયન RO વોટર" દુકાને પહોંચ્યા અને દસ્તાવેજોની માંગણી કરી. પરંતુ સૌથી મહત્વની બાબત એ છે કે કોઈ લેખિત આદેશ, નોટિસ કે અધિકૃત પરવાનગી પત્ર રજૂ કરવામાં આવ્યો નહોતો.

વેપારીના જણાવ્યા અનુસાર કર્મચારીઓએ કહ્યું હતું કે તેઓ કમિશનરના આદેશથી આવ્યા છે. આ વાતની પુષ્ટિ કરવા માટે વેપારીએ મ્યુનિસિપલ કમિશનર કચેરીમાં જઈને સીધી પૂછપરછ કરી. ત્યાં કમિશનરે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે તેમણે કોઈ કર્મચારીને આવી કોઈ સૂચના આપી નથી અને કોઈને પણ દુકાને મોકલ્યા નથી. એટલે કે કર્મચારીઓના દાવા અને કમિશનરના જવાબ વચ્ચે સ્પષ્ટ વિસંગતિ જોવા મળી હતી.

આ પછી વેપારીએ ટાઉન પ્લાનિંગ ઓફિસનો સંપર્ક કર્યો. ત્યાંથી પણ સ્પષ્ટ જવાબ આપવામાં આવ્યો કે તેમની કચેરી તરફથી કોઈ તપાસના આદેશ આપવામાં આવ્યા નથી અને કોઈ કર્મચારીને મોકલવામાં આવ્યો નથી. એટલે બંને જવાબદાર કચેરીઓ દ્વારા કર્મચારીઓને મોકલવામાં આવ્યા હોવાનો ઇન્કાર કરવામાં આવ્યો છે.

ઓડિયો અને વિડિયોના પુરાવા વેપારી પાસે ઉપલબ્ધ

આ સ્થિતિમાં સૌથી મોટો પ્રશ્ન એ છે કે જો કમિશનર પણ નકારે છે અને TP ઓફિસ પણ નકારે છે, તો કર્મચારીઓ સરકારી ગાડી લઈને દુકાને કેવી રીતે પહોંચ્યા? આ બાબતે તંત્ર તરફથી હજુ સુધી કોઈ સ્પષ્ટ જવાબ આપવામાં આવ્યો નથી. આ ઘટનાને પગલે વેપારી દ્વારા રાજ્યના મુખ્યમંત્રી, નવસારી જિલ્લા કલેક્ટર તથા પોલીસ અધિક્ષકને લેખિત ફરિયાદ કરી સમગ્ર મામલે તપાસ કરવાની માંગ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. વેપારી તરફથી એવું પણ જણાવવામાં આવ્યું છે કે આ ઘટનાના ઓડિયો અને વિડિયો પુરાવા તેમની પાસે ઉપલબ્ધ છે, જે જરૂરી પડે ત્યારે રજૂ કરી શકાય તેમ છે.

સરકારી ગાડી અને સરકારી ઓળખનો ઉપયોગ

વેપારી વર્ગમાં આ ઘટનાને લઈને નારાજગી જોવા મળી રહી છે. લોકો કહે છે કે કોઈપણ તપાસ કે કાર્યવાહી કાયદા મુજબ, લેખિત આદેશના આધારે અને પારદર્શક રીતે થવી જોઈએ. સરકારી ગાડી અને સરકારી ઓળખનો ઉપયોગ કરીને કોઈપણ વેપારીને અચાનક સામનો કરાવવો યોગ્ય નથી. હાલ આ મામલે જિલ્લા તંત્ર અને સંબંધિત વિભાગોની આગળની કાર્યવાહી પર સૌની નજર છે. હવે જોવાનું રહ્યું કે આ ઘટનાની તપાસ થશે કે મામલો ફાઈલોમાં દબાઈ જશે. તંત્ર તરફથી સ્પષ્ટતા અને જવાબદારી નક્કી કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

પારડીમાં બે બાઈક અથડાતા બે યુવાનના મોત

અકસ્માતમાં 1 ને ઇજા પહોંચતા હોસ્પિટલમાં ખસેડાયા

બે આશાસ્પદ યુવકના મોતને લઇ ગામમાં શોક

પારડી : પારડી નેશનલ હાઈવે નં. 848 પર રામપોર મરીમાતા મંદિર સામે બે બાઈક સામસામે અથડાતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં નિમખલ ગામે મેડી ફળિયાના 20 વર્ષીય ક્રિષ્ના દિલીપ પટેલ અને નવેરા ગામ મેડી ફળિયાના શિયાંશ અમરત નાયકાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. ક્રિષ્ના મેરીલ કંપનીમાં તો શિયાંશ પારડી GIDCની એડવાન્સ ફુલિંગ ટાવર કંપનીમાં નોકરી કરતો હતો.

ક્રિષ્ના પોતાની બાઈક પર પારડી તરફ જતો હતો, આ જ સમયે સામી દિશામાંથી શિયાંશ અને તેના બનેવી રાજેશ સંતોષ ગંગોડા બાઈક પર નવેરા તરફ જઈ રહ્યા હતા. રામપોર મરી માતા મંદિર સામે બંને બાઈક સામસામે અથડાતા અકસ્માત સર્જાયો હતો. ઘટનાની જાણ આસપાસના લોકોને થતા તાત્કાલિક દોડી આવ્યા હતા.

જોકે, આ અકસ્માતમાં ક્રિષ્ના અને શિયાંસ બંને યુવાનનું મોત નીપજ્યું હતું. જ્યારે રાજેશ ગંગોડાને ગંભીર ઈજાઓ થતાં 108 દ્વારા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. પારડી પોલીસ મથકના PI જી.આર.ગઢવી તેમની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહનો કબજો લઈ વધુ તપાસ હાથ ધરી છે. બે યુવાનના અકાળે મોતથી ગામમાં માતમ છવાઈ ગયો હતો.

નિવૃત કર્મચારી સેવા મંડળના સભ્યોના ઇજાફા મુદ્દે ધરણાં

વલસાડ જિલ્લામાં નિવૃત પ્રા. શિક્ષકો, બીટ નિરીક્ષકો, હાઇસ્કુલ શિક્ષકો અચોક્કસ મુદ્દતના ધરણાં ઉપર ઉતર્યા

વલસાડ : શાળાઓમાં પાયાનું શિક્ષણ આપી નિવૃત થયેલા શિક્ષકોએ નિવૃતિ બાદ ઇજાફો લેવા ધરણાં ઉપર બેસવું પડી રહ્યું છે. વલસાડ જિલ્લાના 400 નિવૃત શિક્ષકો, કર્મચારીઓને નિવૃતિ બાદ મળવા પ્રાપ્ત એક ઇજાફો 31.8.2025 સુધી મળી જવો જોઈતો હતો, જોકે તે રજૂઆતો બાદ પણ હજુ સુધી મળ્યો નથી.

વલસાડ જિલ્લા નિવૃત કર્મચારી સેવા મંડળ પ્રમુખ ગણપત પટેલે જણાવ્યું કે, 31.8.2025 સુધી નિવૃત કર્મચારીઓને મળવા પાત્ર એક ઇજાફો મળી જવો જોઈતો હતો. જોકે, અનેક રજૂઆતો બાદ પણ હજુ સુધી મળ્યો નથી.જેને લઇ આજથી વલસાડ જિલ્લા પંચાયત નજીક અચોક્કસ મુદ્દત સુધી ધરણાં ઉપર બેસવાની ફરજ પડી છે. છતાં કોઈ ઉકેલ ન આવશે તો આગળની રણનીતિ નક્કી કરાશે.

સોનાના નકલી સિક્કા અને કાગળના બંડલો સાથે બે પકડાયા

વલસાડ પોલીસના ચેકિંગ દરમિયાન નાસિક અને પાલઘરના બે શખ્સ પાસેથી નકલી સિક્કા તથા કાગળના બંડલો જપ્ત

વલસાડઃ સસ્તા ભાવે સોનું મેળવવાની લાલચ આપી નિર્દોષ લોકોને છેતરતી ટોળકીઓ સક્રિય હોય છે, પરંતુ વલસાડ પોલીસે આવી જ એક ઠગ ટોળકીના મનસૂબા પર પાણી ફેરવી દીધું છે. લોકો છેતરાય તે પહેલાં જ પોલીસે બે કથિત ઠગોને ડુપ્લિકેટ સોનાના સિક્કા અને ચલણી નોટોના આકારના કાગળના બંડલો સાથે રંગેહાથ ઝડપી પાડ્યા છે.

વલસાડ રૂરલ પોલીસની ટીમ ધરમપુર રોડ પર બાતમીના આધારે પેટ્રોલિંગ અને વાહન ચેકિંગમાં હતી. આ દરમિયાન એક શંકાસ્પદ બાઈકને અટકાવી તેના પર સવાર બે ઈસમોની તલાશી લેવામાં આવી હતી. પકડાયેલા શખ્સોની ઓળખ કમલાકર સુરેશ ગાંગુડે (રહે. નાસિક, મહારાષ્ટ્ર) અને જયપ્રકાશ ઉર્ફે પ્રકાશ ઉર્ફે પકિયો પંઢરીનાથ મેહેર (રહે. પાલઘર, મહારાષ્ટ્ર) તરીકે થઈ છે.

પોલીસ તપાસમાં તેમની પાસેથી ૧૫૨ નંગ નકલી સોનાના સિક્કા અને રૂપિયા ૫૦૦ અને રૂપિયા ૧૦૦ના દરની ચલણી નોટોની સાઈઝના કાગળના બંડલો મળી આવ્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે કે, આ શખ્સો નોટોના બંડલની ઉપર અસલી નોટ મૂકી અને નકલી સિક્કાને અસલી ગણાવી લોકો સાથે છેતરપિંડી કરવાની પેરવીમાં હતા. પોલીસે હાલ તમામ મુદ્દામાલ કબજે કરી આરોપીઓની અટકાયત કરી છે અને તેમની ગુનાહિત કુંડળી ખંખેરવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

મજીગામમાં હાઇવે પર કારની ટક્કરથી વલસાડના બાઇક ચાલક શ્રમજીવીનું મોત

ધેજ : ચીખલી નજીકના મજીગામમાં હાઈવે પર કાર ચાલકે ટક્કર મારતા વલસાડના મોટરસાઈકલ ચાલક શ્રમજીવીનું મોત નીપજ્યું હતું. પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર ગતરોજ બપોરના સમયે વ્યારાથી વલસાડ પોતાના ઘરે બાઈક નં. જીજે ૧૫ ઈ બી ૨૦૭૯ પર પરત જતી વખતે સુરત વલસાડ હાઈવે પર મજીગામ પાસે મારુતિ સુઝુકી કાર નંબર જીજે ૦૫ આર એસ ૧૦૩૩ ના ચાલકે પૂરઝડપે ગફલતભરી રીતે હંકારી ટક્કર મારતા બાઈક ચાલક અજયકુમાર કાશીરામ કૂકણા (ઉ વ ૪૩ રહે ભાગડાવડા નવી નગરી ફળિયું) ને રેફરલ હોસ્પિટલમાં ખસેડાતાફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ ઉપરાંત પાછળ બેસેલાને પણ ઈજા થતા સારવાર આપવામાં આવી હતી. બનાવ અંગે કિરણ રાઠોડની ફરિયાદમાં પોલીસે કાર ચાલક પ્રશાંત નવીન અગ્રવાલ (રહે બી બ્લોસમ બી બિલ્ડીંગ ૧ રેસીડેન્સી વેસુ સુરત)સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

કોંગ્રેસનું મનરેગા બચાવો આંદોલન પંચાયત સ્તર સુધી ચાલશે

મહાત્મા ગાંધીજીનું નામ કાઢવામાં ભાજપને પીશાચી આનંદ મળે છે - ગૌરવ પંડ્યા

વલસાડ : દેશભરના ગરીબોને ઓછામાં ઓછી 100 દિવસની રોજગારી મળે એ માટે કોંગ્રેસ સરકારે મનરેગા (મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરેંટી) કાયદો બનાવ્યો હતો. આ કાયદા મુજબ જો આનાથી ઓછી રોજગારી મળે તો તે સરકાર સામે પણ કેસ કરી શકે એવી જોગવાઈ કરી હતી. કોંગ્રેસની આ યોજનાનું ભાજપ સરકાર નામ બદલી તેને જ બદલી રહી છે. આ સંદર્ભે વલસાડ સર્કિટ હાઉસ પર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા એક પત્રકાર પરિષદ બોલાવાઈ હતી. જેમાં કોંગ્રેસ અગ્રણી ગૌરવ પંડ્યાએ જણાવ્યું કે, મહાત્મા ગાંધીજીનું નામ કાઢવામાં ભાજપને પીશાચી આનંદ મળે છે. જે ખૂબ દુ:ખની વાત છે.

તેમણે જણાવ્યું કે, ભાજપ આ યોજનાનું રિફોર્મ કરે એવી વાત કરે છે, પરંતુ રિફોર્મ એટલે સુધારો, ભાજપે તેમાં સુધારો કર્યો જ નથી. આ યોજનામાં 100 દિવસની રોજગારી આપવાનો વાયદો હતો, પરંતુ છેલ્લા 10 વર્ષના ભાજપ સરકારના જ આંક જુઓ તો તેમણે માત્ર 60 દિવસ જ રોજગારી આપી હોવાનું બહાર આવ્યું છે. ત્યારબાદ મનરેગામાં નામ બદલી 125 દિવસ રોજગારીની વાતો થઈ રહી છે. જે પાયાવિહોણી લાગી રહી છે.

ભાજપ સરકારના ગરીબી વિરોધી આ વલણ સામે દેશભરમાં કોંગ્રેસ આંદોલન કરી રહી છે. જેમાં આગામી 45 દિવસ સુધી કોંગ્રેસ દ્વારા પંચાયત સ્તર સુધી આ યોજનાની જાણકારી આપી લોક જાગૃતિ કેળવવાનો પ્રયાસ કરાશે. આ યોજના અંગે તેમણે વધુમાં જણાવ્યું કે, અગાઉ મનરેગા માટે કેન્દ્ર સરકાર 90 ટકા જેટલું ફંડ આપતી હતી અને તેનો વહીવટી ખર્ચ 9 ટકા જેટલો હતો. જોકે, હવે કેન્દ્ર સરકાર 60 ટકા જ ફંડ આપશે અને 40 ટકા ફંડ રાજ્ય સરકારે કાઢવાનો રહેશે. જેનો અનેક રાજ્યોમાં વિરોધ થઈ રહ્યો છે. ભાજપ વિરોધી સરકાર ધરાવતા રાજ્યો આ યોજના સામે સુપ્રિમ કોર્ટમાં જઈ રહ્યા છે. તેમણે જણાવ્યું કે, આ યોજના વિકાસિત ભારત નહી, પરંતુ વિનાશ ભારત તરફ લઈ જશે.

જેની સામે કોંગ્રેસ ગરીબોના લાભ માટે લડત આપશે. ગરીબો માટેની આ યોજનામાં પંચાયત પાસે સત્તા છીનવી લઈ તમામ સત્તા કેન્દ્ર સરકાર પાસે જતી રહેશે. જેના કારણે ગામના જરૂરિયાત વાળા કામો થશે નહી, તેના બદલે બીજા જ કામો કરાવાશે. જેથી સરપંચોને પણ આ અંગે અવગત કરવાની એક ચળવણ કોંગ્રેસ ચલાવશે. વલસાડ સર્કિટ હાઉસમાં કોંગ્રેસની આ પત્રકાર પરિષદમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિસન પટેલ, કોંગ્રેસી અગ્રણી અને પારડી સાંઢપોરના સરપંચ ધર્મેશ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

સલવાવમાં ઘરનું લોક તોડી રૂપિયા 1.85 લાખની ચોરી

વાપી : સલવાવમાં ઘરનું લોક તોડી તસ્કર રૂપિયા 1.85 લાખના ઘરેણાં ચોરી ગયો હતો. સલવાવ, ઉપલુ ફળિયામાં રહેતા મનિષ પટેલની બહેનનું ઘર નજીકમાં જ હોય જેથી પત્ની ઘરને બહારથી તાળુ મારી તેઓના ઘરે ગયા હતાં. આ તકનો લાભ તસ્કરે લઈ કોઈક સાધન વડે ઘરના મુખ્ય દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશી કબાટનું લોક તોડી નાંખ્યું હતું અને કબાટમાં મૂકેલા સોનાના દાગીના (કિંમત આશરે 1,85,466) ચોરી થઈ ગયા હતાં. રાત્રીના આઠેક વાગ્યે મનિષ ઘરે આવ્યો ત્યારે મુખ્ય દરવાજાનું અને કબાટનું તાળુ તૂટેલું જોયા બાદ ચોરી થયાનું માલુમ પડ્યું હતું.

આ બનાવ અંગેની ફરિયાદ મનિષ પટેલે વાપી ડુંગરા પોલીસ મથકમાં કરી હતી.

હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

HeroHousing Finance

રજિસ્ટર્ડ ઓફિસઃ ૦૯, કોમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી-૧૧૦૦૫૭.
શાખા ઓફિસઃ દુકાન નં. ૩, બીજો માળ, પાશ્વનાથ શોપિંગ સેન્ટર, રેવેનુ સુરેવી નં. ૧૧૫/૫, પેઠી પ્લોટ નં. -૧, નવસારી, ગુજરાત. પિન - ૩૬૬૪૪૫.

જાહેર નોટિસ (સ્થાવર મિલકતના વેચાણ માટે ઇ- હરાજી)
[સિક્યોરિટી હિત (અમલીકરણ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૯(૧) હેઠળ]

નાણાકીય સંપત્તિના સિક્યોરિટી અને પુનર્નિર્માણ અને સિક્યોરિટી હિતના અમલીકરણ અધિનિયમ, ૨૦૦૨ હેઠળ હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (સુરક્ષિત ક્રેડિટર) પાસે ગીરવે મૂકેલી સ્થાવર મિલકતના વેચાણ માટેની નોટિસ.

આ દ્વારા સામાન્ય રીતે જાહેર જનતાને અને ખાસ કરીને દેધાર લેનાર(ઓ) અને ગેરંટી આપનાર(ઓ) અથવા તેમના કાનૂની વારસદારો/પ્રતિનિધિઓને નોટિસ આપવામાં આવે છે કે, નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો સુરક્ષિત લેણદારને ગીરવે મૂકવામાં/ચાર્જ કરવામાં આવી છે, જેનો કબજો હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (સુરક્ષિત લેણદાર)ના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, નીચે જણાવેલ દેવાદારો, સહ-દેવાદારો અથવા ગેરંટરો પાસેથી બાકી લેણાંની વસૂલાત માટે તા. ૩૧-જાન્યુઆરી-૨૦૨૬ના રોજ (ઈ-હરાજી તારીખ) "જ્યાં છે ત્યાં", "જેમ છે તેમ" અને "જે છે તે"ના આધારે વેચવામાં આવશે. અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડિપોઝિટ નીચે દર્શાવેલ છે. જાહેર ઈ-હરાજીમાં ભાગ લેવા માટે EMD ડિમાન્ડ ડ્રાફ્ટ/RTGS/NEFT દ્વારા બિડ ફોર્મ સાથે કરવાની રહેશે, જે હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારીને ૩૦-જાન્યુઆરી-૨૦૨૬ના રોજ અથવા તે પહેલાં સાંજે ૫ વાગ્યા સુધીમાં શાખા કાર્યાલયઃ દુકાન નં. ૩, બીજો માળ, પાશ્વનાથ શોપિંગ સેન્ટર, રેવેનુ સુરેવી નં. ૧૧૫/૫, પેઠી પ્લોટ નં. -૧, નવસારી, ગુજરાત પિન - ૩૬૬૪૪૫ ખાતે સબમિટ કરવાની રહેશે.

લોન એકાઉન્ટ નંબર	ઋણ લેનાર(ઓ)/ સહ-ઋણ લેનાર(ઓ)/ ગેરેંટર(ઓ)/ કાનૂની વારસદાર(ઓ)/ કાનૂની પ્રતિનિધિના નામ	ડિમાન્ડ નોટિસની તારીખ તારીખ મુજબની રકમ	કબજાનો પ્રકાર (સ્થાનાત્મક/ ભૌતિક હેઠળ)	અનામત કિંમત	અર્નેસ્ટ મની
HHFNVSHOU2200 0025142//HHFNVS IPL22000025144	અબ્બાસ સુલેમાન ખલીફા	૨૫/૧૧/૨૦૨૪, રૂ. ૧૯,૪૫,૮૮૦/- ૦૦/૦૧/૨૦૨૬ના રોજ	ભૌતિક	રૂ. ૧૦,૮૦,૦૦૦/-	રૂ. ૧,૦૮,૦૦૦/-

મિલકતનું વર્ણનઃ
સ્થાવર જમીન ધરાવતા પ્લોટ નં. જુ-૧૫ ના બધા ટુકડા અને પાર્સલ, ૪૭.૨૬૦ ચોરસ મીટર. ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલો માળ ક્રારબદ્ધ કુલ ૧૦૫.૦૦ ચોરસ મીટર, "શ્યામ નગર-૨" તરીકે ઓળખાય છે, ગામ પંચાયત રેગ. મકાન નં. ૧૧૨૩, મહેસૂલ સર્વે/બ્લોક નં. ૪૦૫, (જૂનો સર્વે/બ્લોક નં. ૪૦૫+૪૦૬+૪૦૮) પેઠી, (નવો બ્લોક/સર્વે નં. ૧૦૨૨) મોજે ગામ વાગરેચ, પેટા જિલ્લો ગણદેવી, જિલ્લો નવસારી, ગુજરાત રાજ્યમાં સ્થિત છે. મિલકતની સીમાઓઃ ઉત્તર- પ્લોટ નં. ૧૪, દક્ષિણઃ પ્લોટ નં. ૧૬, પ